ફોન ફેક્સ નંબર-0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

રજી.એ.ડી. / ખાસ અગત્યનું By Email

નં.૪/પરીક્ષા/ સપ્ટેમબર–૨૦/૨૦૪ તા.૧૩–૦૮–૨૦૨૦

**પ્રતિ**

યુનિ. સંલગ્ન સર્વે આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીઓ તરફ.... (એસ.એફ.આઈ. સહિત)

વિષય :– સપ્ટેમ્બર–૨૦૨૦ની પરીક્ષામાં જે વિધાર્થીઓ અપર–લોઅર બન્ને પરીક્ષા માંથી કોઈ એક વર્ષની પરીક્ષા ન આપવા બાબત.

મહાશય,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, અલગ–અલગ વર્ષના વિદ્યાર્થીઓ તથા આચાર્યશ્રી દ્વારા જે વિધાર્થીઓ અપર–લોઅર બન્ને વર્ષની પરીક્ષાના ફોર્મ ભરેલ હોય તે પૈકી કોઈ એક પ્રોફેશનલ વર્ષની (અપર અથવા લોઅર) પરીક્ષા આપવા માંગતા નથી તેવી રજુઆતો આવેલ તેમજ કોવીડ–૧૯ ની પરિસ્થિતીને ધ્યાને લઈ સપ્ટેમ્બર–૨૦૨૦ ની પરીક્ષા માટે જ ખાસ કિસ્સામાં આચાર્યશ્રીએ નીચેની બાબતો ધ્યાને લઈ આદેશાનુસાર કાર્યવાહી કરવા જાણ કરવામાં આવે છે.

સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ જે વિધાર્થીઓ દ્વારા અપર કે લોઅર અથવા ફકત કોઈ એક પ્રોફેશનલ વર્ષની પરીક્ષાનુ ફોર્મ ભરેલ હોય અને સપ્ટેમ્બર–૨૦૨૦ની પરીક્ષા આપવા માંગતા ન હોય તેવા વિધાર્થીઓને નીચે મુજબની બાબતોનુ ધ્યાન દોરી માહિતગાર કરવાના રહેશે. આ અંગેની તમામ જવાબદારી સંબંધિત કોલેજના આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

(૧) કોવીડ–૧૯ ની પરિસ્થિતીને ધ્યાને લઈ (એપ્રિલ–૨૦૨૦)માં લેવાનાર પરીક્ષા કે જે હવે સપ્ટેમ્બર–૨૦૨૦ના માસમાં લેવાનાર છે તેના માટે જ ખાસ કિસ્સામાં જો કોઈ વિદ્યાર્થી બન્ને પ્રોફેશનલ વર્ષની (અપર અથવા લોઅર) પરીક્ષા આપવા માંગતા ન હોય તેવા તેમજ જે વિદ્યાર્થીઓ **ફકત કોઈ પણ એક પ્રોફેશનલ વર્ષની પરીક્ષા માટે ફોર્મ ભરેલ હોય અને આવા કોઈ વિદ્યાર્થી** પરીક્ષા આપવા માંગતા ન હોય તેવા વિદ્યાર્થીઓની લેખિત અરજી આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ પાસેથી મેળવી લેવાની રહેશે. અને આ મેળવેલ અરજીઓનું વિગતવાર લિસ્ટ **તા.૨૧–૦૮–૨૦૨૦** સુધીમાં પરીક્ષા શાખાને ઈમેઈલ દ્વારા અચૂક મોકલી આપવાનું રહેશે. અને આ સમયમર્યાદા બહાર આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી આ અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

(૨) આચાર્યશ્રી દ્વારા મેળવેલ અરજીઓની એક નકલ કોલેજ રેકર્ડ ખાતે રાખવાની રહેશે.

ફોન ફેક્સ નંબર-0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in



(૩) જે–તે પ્રોફેશનલ વર્ષનુ ફોર્મ વિદ્યાર્થી દ્વારા ભરાયેલ હોય અને કોઈ પણ વર્ષની પરીક્ષા આપવા માંગતા હોય તેવા સંજોગોમાં ભરાયેલ પરીક્ષા ફી નિયમાનુસાર પરત મળવાપાત્ર રહેશે નહિ. અને ભવિષ્યમાં આ બાબતે રજુઆત કરી શકાશે નહી.

(૪) જે–તે પ્રોફેશનલ વર્ષની જે તે વિદ્યાર્થી દ્વારા સમગ્ર પરીક્ષા આપવા માંગતા નથી અંગેની આચાર્યશ્રીને લેખિત અરજી કરેલ હશે તેવા જ વિદ્યાર્થીઓ સમગ્ર પરીક્ષામાં ગેરહાજર રહે તે પ્રોફેશનલ વર્ષની જ એટેમ્પ્ટ (પ્રયત્ન) ગણવામાં આવશે નહિ, પરંતુ આવા વિદ્યાર્થીઓના **CCIM**ના **MSR-2016** મુજબ જે–તે વર્ષમાં ત્રણ વર્ષની સમય–મર્યાદા ગણવામાં આવશે.

(૫) જે–તે પ્રોફેશનલ વર્ષમાં ફ્રેશ (પ્રથમ વખત જ પરીક્ષા આપતા) વિદ્યાર્થી પરીક્ષા આપતા હોય અને તે પ્રોફેશનલ વર્ષની સમગ્ર પરીક્ષામાં ગેરહાજર રહેશે તેવા વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી.નો લાભ મળવાપાત્ર રહેશે નહિ, અને તેઓ **CCIM**ના નિયમો અનુસાર અપર વર્ષનો અભ્યાસ કરી શકશે નહી.

આપનો વિશ્વાસુ,

13-8-2020

( એચ. પી. ઝાલા )

કુલસચિવ

નકલ રવાના:–

(૧) પી. એસ. ટુ વી. સી.

(૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર.

(૩) એસ.એફ.આઈ. પરીક્ષા.